CNR : GJDH080000242019

सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ તારીખ | : | ૧૮/૦૧/૨૦૧૯ | | |
| રજી. તારીખ | : | ૧૮/૦૧/૨૦૧૯ | | |
| ફેસલ તારીખ | : | ૦૬/૦૮/૨૦૨૬ | | |
| સમય ગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૭ | ૦૬ | ૧૯ |

## મહે. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસની અદાલતમાં, મુ. ગરબાડા.

**ક્રિમીનલ કેસ નં.૧૯/૨૦૧૯.**
**આંક:–૪૧.**

શ્રી સરકાર ...........ફરીયાદી.

**વિરૂધ્ધ.**

અભેસીંગભાઇ રામસીંગભાઇ ભુરીયા,
રહે. નાની બોરીયાલી,
તા.ગરબાડા, જી.દાહોદ. ............આરોપી.

| |
|---|
| Police Station : GARBADA POLICE STATION - DAHOD DISTRICT<br>FIR No./Year : 49/2018 |
| **ગુન્હો : ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ.** |
| ફરીયાદ પક્ષ તર્ફે વિ. એ. પી. પી. શ્રી એ. બી. તલાવીયા<br>આરોપી પક્ષ તર્ફે વિ. વકીલ શ્રી પી. વી. ભાભોર |

### –:: ચુકાદો ::–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, તા.૨૩/૬/૧૮ ના રોજ કલાક ૧૫:૩૦ વાગ્યે મોજે પાંચવાડા સરકારી દવાખાના સામે ગરબાડા દાહોદ રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મોટર સાઇકલ નંબર જી.જે. ૨૦. એ.જી. ૧૫૧૬ ની પુરઝડપે અને ગફલતભરીરીતે હંકારી લાવી મોટર સાઇકલ નંબર જી.જે. ૨૦. પી. ૨૧૪૨ ની સાથે અથડાવી એકસીડન્ટ કરી ફરીયાદી તથા પાછળ બેહેલ સાહેદ દેવાભાઇ કાળુભાઇ ચૌહાણને

રોડ ઉપર પાડી દઇ ફરીયાદીને જમણા પગની આંગળીઓના ભાગે ફેકચર કરી તથા જમણા હાથની કોણીના ભાગે ઈજા કરી તથા પાછળ બેઠેલ સાહેદ દેવાભાઈને જમણા પગના ભાગે ફેકચર કરી તથા આરોપીની મોટર સાઇકલ ઉપર પાછળ બેઠેલ સાહેદ વિનયકુમાર તથા હિતેશકુમારને જમણા પગે ફેકચર કરી નાસી જઇ ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ ગુન્હો કર્યાની થયેલ ફરીયાદ અનુસંધાને તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ તપાસ કરનાર અધિકારીએ પુરતો પુરાવો જણાતાં હાલના ગુન્હાનું ચાર્જશીટ અદાલતમાં રજુ કરેલ.

(૨) ઉપરોકત મુજબનું ચાર્જશીટ રજુ થયા બાદ આરોપીને ધોરણસર સમન્સની બજવણી કરવામાં આવતા આરોપી અદાલતમાં હાજર થયેલા. આરોપીને ક્રિ. પ્રો. કોડની નકલ–૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ગુન્હા વિશે સમજ કરી, આંક:૭ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે, જેમાં આરોપી દ્વારા ગુન્હો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી કનુભાઇ ભાવસીંગભાઇ મોહણીયા | ૧૦ |
| ૨ | સાહેદ અર્જુનભાઇ કનુભાઇ મોહનીયા | ૧૨ |
| ૩ | સાહેદ જંગલસીંગ ભાવસીંગભાઇ મોહનીયા | ૧૩ |
| ૪ | ડૉ. બનવારીલાલ સુગનચંદભાઇ અગ્રવાલ | ૧૫ |
| ૫ | ડૉ. રાજેન્દ્રકુમાર કિશોરીલાલ શ્રીવાસ્તવ | ૧૭ |
| ૬ | સાહેદ હિતેશકુમાર નગુભાઇ પરમાર | ૨૩ |
| ૭ | સાહેદ પારસીંગભાઇ બચુભાઇ પરમાર | ૨૪ |
| ૮ | ત.ક.અ. ઇશ્વરભાઇ બાદરભાઇ લબાના | ૩૦ |
| ૯ | સાહેદ ટીકુભાઇ દેવાભાઇ ચૌહાણ | ૪૦ |

**<u>દસ્તાવેજી પુરાવો</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | મેડીકલ સર્ટીફીકેટ. | ૧૬ |
| ૩ | મેડીકલ સર્ટીફીકેટ. | ૧૮ |
| ૪ | મેડીકલ સર્ટીફીકેટ. | ૧૯ |
| ૫ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ. | ૩૨ |
| ૬ | શરીર સ્થિતિનું પંચનામુ. | ૩૩ |

(૪) ફરીયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ ફરીયાદ પક્ષે વિ. એ. પી. પી. શ્રીની મૌખિક વિનંતીનાં આધારે ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ જાહેર કરતા આ કામે આરોપી વિરૂધ્ધ પુરાવા રેકર્ડ ઉપર જણાઇ આવતા ન હોઇ, આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ-૩૧૩ હેઠળ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી તેમજ બચાવ પક્ષે કોઇ પુરાવો રજુ થયેલ નથી. ત્યારબાદ આ કામે વિ. એ. પી. પી. શ્રી તથા આરોપી પક્ષ તર્ફે વિ. વકીલ શ્રીની વિગતવારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ઉપરોકત હકિકતે આ કેસનાં નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>-:: મુદા ::-</u>**

મુદા નં.૧ : શું ફરીયાદ પક્ષ એ હકિકત નિ:શંકપણે સાબિત કરે છે કે,તા.૨૩/૬/૧૮ ના રોજ કલાક ૧૫:૩૦ વાગ્યે મોજે પાંચવાડા સરકારી દવાખાના સામે ગરબાડા દાહોદ રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મોટર સાઇકલ નંબર જી.જે. ૨૦. એ.જી. ૧૫૧૬ ની પુરઝડપે અને ગફલતભરીરીતે હંકારી લાવી મોટર સાઇકલ નંબર જી.જે. ૨૦. પી. ૨૧૪૨ ની સાથે અથડાવી એકસીડન્ટ કરી ફરીયાદી તથા પાછળ બેઠેલ સાહેદ દેવાભાઇ કાળુભાઇ ચૌહાણને રોડ ઉપર પાડી દઇ ફરીયાદીને

જમણા પગની આંગળીઓના ભાગે ફ્રેકચર કરી તથા જમણા હાથની કોણીના ભાગે ઈજા કરી તથા પાછળ બેઠેલ સાહેદ દેવાભાઈને જમણા પગના ભાગે ફ્રેકચર કરી તથા આરોપીની મોટર સાઇકલ ઉપર પાછળ બેઠેલ સાહેદ વિનયકુમાર તથા હિતેશકુમારને જમણા પગે ફ્રેકચર કરી નાસી જઇ ઈ. પી. કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

મુદા નં.૨ : શું હુકમ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો અને તેના કારણો નીચે મુજબ છે.

**<u>–:: નિર્ણયો ::–</u>**

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદા નં.૧ અને ૨.</u>**

(૭) આ કામે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદ પક્ષે રજુ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષે ફરીયાદી કનુભાઇ ભાવસીંગભાઇ મોહણીયાને આંક:૧૦ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''બનાવ આશરે ત્રણેક વર્ષ પહેલા પાંચવાડા મુકામે બપોરે ત્રણેક વાગે બનેલો. તે વખતે હુ મારી મોટર સાઈકલ ઉપર દેવાભાઈ કાળુભાઈ ચૌહાણ પાસે દેવધા ગામે જતો હતો. **તે વખતે આ મોટર સાઈકલ હુ પોતે ચલાવતો હતો** અને દેવાભાઈ પાછળ બેઠેલા હતા. તે વખતે પાંચવાડા ગામે પહોચતા સામેથી અન્ય એક મોટર સાઈકલ આવતા અમોને ટકકર મારતા અમો ફેકાઈ ગયેલા. **આ સામાવાળાની મોટર સાઈકલનો નંબર તથા મોટર ચાલકનુ નામ શું હતુ તેની અમોને ખબર નથી**. આ અકસ્માતમાં મને જમણા પગમાં ફ્રેકચર અને ઈજાઓ થયેલી તથા દેવાભાઈ ને જમણા પગના ઘુંટણમાં તથા જમણા પગની આંગળીઓ

ઉપર ઈજાઓ થયેલી. ત્યારબાદ ત્યા ઘણા લોકો ભેગા થઈ ગયેલા અને કોઈકે ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવી ગયેલી અને સારવાર માટે અમોને દાહોદ સરકારી હોસ્પીટલમાં સારવાર માટે લઈ ગયેલા.ત્યારબાદ વધુ સારવાર માટે બરોડા ખાતે સારવાર માટે ગયેલા. બનાવ બાબતે મે તા.૦૧/૦૭/૨૦૧૮ ના રોજ મે ગરબાડા પો.સ્ટેમાં ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. જેમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જે અસલ ફરીયાદને રજુ દાખલ આંક-૧૧ આપવામાં આવે છે. આરોપીને જોયેથી હુ ઓળખી શકુ છુ.'' <u>ફરીયાદી તેમની બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે,</u> ''એ વાત ખરી છે કે બનાવવાળો રોડ હાઈવે રોડ છે અને ઘણાબધા વાહનોની અવર જવર હોય છે. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ વળાંક આવેલો છે. એ વાત ખરી છે કે વળાંકવાળી જગ્યાએ સામાન્ય રીતે વાહન ધીમુ ચાલતુ હોય છે. **મોટર સાઈકલ કોણ ચલાવતુ હતુ તથા તેનો નંબર શુ હતો તેની મને ખબર નથી**.''

૭.૧ ફરીયાદ પક્ષે સાહેદ અર્જુનભાઈ કનુભાઈ મોહનીયાને આંક:૧૨ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''હું ધોરણ ૧૨ પાસ છુ. હુ કનુભાઈ ભાવસિંગભાઈને ઓળખુ જેવો મારા પિતા થાય. હુ દેવાભાઈ કાળુભાઈ ચૌહાણને ઓળખતો નથી. બનાવ ૨૦૧૮ કે ૨૦૧૯ ની સાલ મા બનેલ હતો. હવે હુ કહુ છુ કે દેવાભાઈ કાળુભાઈ મારા પિતા સાથે અકસમાત સમયે હતા. બનાવ પાંચવાડા દવાખાના પાસે બપોરે ૧-૨ વાગે બનેલ. તે વખતે કનુભાઈ મારા મામાના ઘરે જતા હતા અને પાછળ દેવાભાઈ બેસેલા હતા. તે સમયે સામેથી આવતી મો.સા. મારા પિતા સાથે ટક્કર મારતા તે પડી ગયેલ. તેમને જમના પગમા ફ્રેકચર થયેલ અને દેવાભાઈને જમના પગમા ઘૂંટન ના ભાગે વાગેલ. **બનાવ સમયે હુ ઘરે હતો અને મને ફોન પર જાણ થયેલ.** હુ બનાવ સથળે ગયેલ. ત્યારબાદ આ લોકો ને ૧૦૮ મા દાહોદ ખાતે દવાખાને લઈ ગયેલા. **સામાવાળાની બાઈકનો ચાલક અને નં. ખબર નથી. તે ભાગી**

**ગયેલ. હુ આરોપીને જોયેથી ઓળખુ નહી**.'' સાહેદ તેમની બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે, ''**એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી.** એ વાત ખરી છે કે આ રોડ પર ૨૪ કલાક વાહનોની અવર જવર હોય છે.''

૭.૨ ફરીયાદ પક્ષે સાહેદ જંગલસીંગ ભાવસીંગભાઈ મોહનીયાને આંક:૧૩ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''હુ કનુભાઈ ભાવસિંગભાઈને ઓળખુ જે મારા ભાઈ થાય. હુ દેવાભાઈ કાળુભાઈ ચૌહાણને ઓળખુ છુ. બનાવ ૨૦૧૮ કે ૨૦૧૯ ની સાલમા બનેલ હતો. **બનાવ સમયે હુ ઘરે હતો**. બનાવ પાંચવાડા દવાખાના પાસે બપોરે ૧-૨ વાગે બનેલ. તે વખતે કનુભાઈ મારા મામાના ઘરે જતા હતા અને પાછળ દેવાભાઈ બેસેલા હતા. તે સમયે સામે થી આવતી મો.સા.મારા ભાઈ સાથે ટક્કર મારતા તે પડી ગયેલ. તેમને જમના પગમા ફ્રેકચર થયેલ અને દેવાભાઈને જમના પગમા ઘુંટન ના ભાગે વાગેલ. **બનાવ સમયે હુ ઘરે હતો અને મને ફોન પર જાણ થયેલ**. હુ બનાવ સથળે ગયેલ. ત્યારબાદ આ લોકો ને ૧૦૮ મા દાહોદ ખાતે દવાખાને લઈ ગયેલા. સામાવાળાની બાઈકનો ચાલક અને નં. ખબર નથી. તે ભાગી ગયેલ. હુ આરોપીને જોયેથી ઓળખુ નહી.'' સાહેદ તેમની બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે, ''**એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી.** એ વાત ખરી છે કે આ રોડ પર ૨૪ કલાક વાહનોની અવર જવર હોય છે.''

૭.૩ ફરીયાદ પક્ષે સાહેદ હિતેશકુમાર નગુભાઈ પરમારને આંક:૨૩ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''બનાવ તારીખ ચોકકસ યાદ નથી. બનાવ ૨૦૧૮ ના છઠ્ઠા મહીના મા બનેલ. બનાવના દિવસે હુ, અભેસિંગભાઈ, વિનયકુમાર મો.સા. ઉપર દાહોદથી બોરીયાલા જતા હતા. તે મો.સા. અભેસિંગભાઈ ચલાવતા હતા, મો.સા.નો. નં. હાલ યાદ નથી. અમે ૫૦-૬૦ ની ગતીમા જતા હતા. **બનાવ પાંચવાડા સરકારી દવાખાને વણાંકમા બનેલ.** વણાંકમા અમારી અમારી મો.સા. અને સામેથી એક ગાડી

સામસામે ટકરાયા જેથી અક્સમાત થયેલ. જેથી ૧૦૮ મા દવાખાને લઈ ગયેલ. વિનયને પગના પંજા પર વાગેલ અને ફ્રેક્ચર થયેલ, મને જમણા પગમા વાગેલ અને આંગળીમા ફ્રેકચર થયેલ. બનાવની ફરીયાદ કનુભાઈએ આપેલ. **સામેની મો.સા.નો નં. હાલ યાદ નથી અને તેનો ચાલક પણ ખબર નથી.** પોલિસે મારો જવાબ લીધેલ.'' સાહેદ તેમની બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે, ''હુ ધોરણ ૭ સુધી ભણેલ છુ. એ વાત ખરી છે કે કાયદેસર રીતે ૩ સવારી બેસી શકાય નહી. બનાવ વાળો રોડ પર ૨૪ કલાક વાહનોની અવર જવર હોય છે. એ વાત ખરી છે કે અભેસિંગભાઈને કોઈ ઈજા થયેલ નહી. **એ વાત ખરી છે કે ફરીયાદ સામેની મો.સા. વાળાએ આપેલ છે. એ વાત ખરી છે કે અમે કોઈ ફરિયાદ આપેલ નથી**. એ વાત ખરી નથી કે અમે ૩ સવારી પુરઝડપે ચલાવી અક્સમાત કરેલ છે.''

૭.૪ ફરીયાદ પક્ષે સાહેદ પારસીંગભાઈ બચુભાઈ પરમારને આંક:૨૪ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''વિનય મારો છોકરો છે. બનાવ તારીખ ચોકકસ યાદ નથી. બનાવ ૨૦૧૮ ના છઠ્ઠા મહીના મા બનેલ. બનાવના દિવસે વિનય, અભેસિંગભાઈ, હિતેશ મો.સા.ઉપર દાહોદથી બોરીયાલા જતા હતા. તે મો.સા. અભેસિંગભાઈ ચલાવતા હતા, મો.સા.નો. નં. હાલ યાદ નથી. બનાવ પાંચવાડા સરકારી દવાખાને વણાંકમા બનેલ. જેથી ૧૦૮ મા દવાખાને લઈ ગયેલ. વિનયને પગના પંજા પર વાગેલ અને ફ્રેકચર થયેલ, હિતેશને જમણા પગમા વાગેલ અને આંગળીમા ફ્રેકચર થયેલ. બનાવની ફરીયાદ કનુભાઈએ આપેલ. **સામેની મો.સા.નો નં. હાલ યાદ નથી અને તેનો ચાલક પણ ખબર નથી**. પોલિસે મારો જવાબ લીધેલ.'' સાહેદ તેમની બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે, ''**એ વાત ખરી છે કે બનાવ વખતે હુ ઘરે હતો અને બનાવ મે નજરે જોયેલ નથી**. એ વાત ખરી છે કે બનાવ તારિખ ૨૩-૦૬-૧૮ ના બનેલ અને બનાવની ફરિયાદ તા.૦૧-૦૭-૧૮ ના રોજ આપેલ. હુ ગ્રેજયુટ છુ અને ગામનો સરપંચ રહી

ચુકેલ છુ.''

૭.૫ ફરીયાદ પક્ષે સાહેદ ટીકુભાઈ દેવાભાઈ ચૌહાણને આંક:૪૦ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''હુ ધોરણ પાંચ સુધી ભણેલ છું. દેવાભાઈ કાળુભાઈ ચૌહાણ મારા પિતા થાય છે. કનુભાઈ ભાવસીંગભાઈ મોહણીયા જે આ કામના ફરીયાદી છે જેઓ મીનાકયાર ગામના હોઈ હુ ઓળખતો નથી. બનાવની ચોકકસ તારીખ મને યાદ નથી પરંતું **અકસ્માત સને ૨૦૧૮ ની સાલમાં પાંચવાડાની પાસે સાંજે બનેલો. તે વખતે હું મારા ઘરે ઉડાર ગામે હાજર હતો. અકસ્માતની જાણ મને ફોન પર થયેલી** અને જણાવેલ કે કનુભાઈ અને દેવાભાઈ બંને જણા મોટર સાઈકલ પર બેસીને દેવધા ગામે જતા હતા અને તે સમયે મોટરસાઈકલ કનુભાઈ ચલાવતા હતા ત્યારે પાંચવાડા નજીક પહોંચતા સામેથી આવતી એક મો.સા. જોડે અમોને ટકકર મારતા અમોને નીચે પાડી દીધેલા અને કનુભાઈને જમણા પગની આંગળીમાં ફ્રેકચર થયેલ અને મારા બાપા દેવાભઢ ાઈને જમણા પગના ઢીચણ તથા નળા પર તથા પગ ભાગી ગયેલો. ત્યારબાોદ ઘણા લોકો ભેગા થતા કોઈએ ૧૦૮ ને ફોન કરતા આવી ગયેલ અને મારા પિતા અને કનુભાઈને સારવાર માટે દાહોદ ખાતે સરકારી દવાખાને દાખાલ કરેલા હું સરકારી દવાખાને બીજા દીવસે ગયેલો. મારા બાપા સારવાર હેઠળ હતા તેમનો જમણો પગ ભાગી ગયેલો હતો.તયારબાદ ડો. વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવા જણાવતા અમદાવાદ સીવીલ હોસ્પીટલ લઈ ગયેલો. હું તેમની સાથે રોકાયેલ. ત્યારબાદ દોઢેક મારસ બાદ રજા આપવામાં આવેલી તેમના પગનું ઓપરેશન કરેલું. બનાવ બાબતે પોલીસે મારો જવાબ લીધેલ કે કેમ તે હાલમાં યાદ નથી. **અકસ્માત કરનાર મો.સા. ચાલક કોણ હતો તેની મો.સાનો નંબર શું હતો તથા બનાવ સમયે તે મો.સા. કોણ ચલાવતું હતું તે બાબતે મને કોઈ માહીતી નથી તથા જોયે ઓળખી શકુ નહી.** આ બનાવ બન્યા બાદ લગભગ એકાદ વર્ષ પછી મારા પિતા દેવાભાઈ કાળુભાઈ ચૌહાણનું અવસાન થયેલ.'' <u>સાહેદ તેમની બચાવ પક્ષની ઉલટ</u>

<u>તપાસમાં સ્વીકાર કરે છે કે</u>, ''**એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી.** એ વાત ખરી છે કે બનાવ મે નજરે નજર જોયેલ નથી. **એ વાત ખરી છે કે બનાવની જાણ મને વાતો વાતોથી થયેલી**.''

૭.૬ ફરીયાદ પક્ષે ડૉ. બનવારીલાલ સુગનચંદભાઈ અગ્રવાલને આંક:૧૫ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''ગઈ તા. ૨૭/૦૬/૧૮ ના રોજ હુ મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે દર્દી કનુભાઈ ભાવસિંગભાઈ મોહનીયા, અમારી હોસ્પિટલ મા સારવાર માટે આવેલા ત્યારે મે એમને પુછતા વાહન અકસમાતમા તા.૨૩-૦૬-૧૮ ના રોજ ઈજાઓ થયેલ. તેમને તપાસ નીચે મુજબની ઈજાઓ જણાવેલ છે. જમણા ઘુટીના સાંધામા માર હતો. જમણા પગના પંજામા ફેલેંગ્સ અને મેટા તારસલ બોનના ફ્રેકચર હતા. જમણા કોણી ના સાંધા પર મોટો ઘા હતો. આ દર્દીઓ ની ઈજા ગંભીર હતી. આ ઈજા ૩ થી ૪ અથવાડીયામા સારી થઈ શકે તેવી હતી. દર્દી ને તપાસયા બાદ તા.૧૮-૦૯-૧૮ ના રોજ સારવાર સર્ટી. આપેલી જે મારા હસ્તાક્ષરમા છે તેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક:૧૬ આપવામા આવે છે.'' <u>સાહેદ તેમની બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે</u>, ''**એ વાત ખરી છે કે બનાવ તા.૨૩-૬-૧૮ ના હતો પણ દર્દી મારી પાસે તા.૨૭-૬-૧૮ ના રોજ આવેલો.** દર્દી મારી પાસે આવ્યો ત્યારે સભાન અવસ્થામા હતો. **આ ઈજા ક્યા વાહનથી અકસ્માત થયેલો તેવુ કહી શકાય નહી. એ વાત ખરી છે કે આવી ઈજાઓ પડી જવાથી થઈ શકે તેવી હતી.** એ વાત ખરી નથી કે આ ઈજા સામન્ય હતી''

૭.૭ ફરીયાદ પક્ષે ડૉ. રાજેન્દ્રકુમાર કિશોરીલાલ શ્રીવાસ્તવને આંક:૧૭ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''ગઈ તા. ૨૩/૦૬/૧૮ ના રોજ હુ મારી ફરજ ઉપર હાજર હતો ત્યારે દર્દી વિનયભાઈ પારસિંગભાઇ પરમાર ઉ.વ.૧૭, અમારી હોસ્પિટલ મા સારવાર માટે આવેલા ત્યારે મે એમને પુછતા વાહન અકસમાતમાં તા.૨૩-૦૬-૧૮ ના રોજ ઈજાઓ થયેલ. તેમને તપાસ નીચે મુજબની ઈજાઓ જણાવેલ છે. જમણા પગમા ક્રસ

ઇંજરી હતી. જમણા પગના ચોથા અને પાંચમા આંગળા મા ફ્રેકચર હતુ તેમજ આગળના ભાગમા પણ ફ્રેકચર હતું. જમણા પગના ચોથા અને પાંચમા નં. ની આગળી ક્રસ થચ ગયેલી હતી. જમણા પગની એડી પર ૧૦*૬*૧ સેમી. માપની ક્રસ ઈન્જરી હતી. આ દર્દીઓની તમામ ઈજા ગંભીર હતી. આ ઈજા ૬ થી ૮ અથવાડીચામા સારી થઈ શકે તેવી હતી. આ દર્દી ને અમારી હોસ્પીટલમા દાખલ કરેલા અને તા. ૦૫-૦૭-૧૮ ના રોજ રજા આપવામા આવેલી. દર્દી ને તપાસચા બાદ તા.૨૩-૦૬-૧૮ ના રોજ સારવાર સર્ટી. આપેલી જે મારા હસ્તાક્ષરમા છે તેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક:૧૮ આપવામા આવે છે. તેજ દિવસે મે દર્દી હિતેશભાઈ નાગુભાઈ પરમાર ઉ.વ.૩૦, અમારી હોસ્પિટલ મા સારવાર માટે આવેલા ત્યારે મે એમને પુછતા વાહન અકસમાતમા ઈજાઓ થયેલ. તેમને તપાસ નીચે મુજબની ઈજાઓ જણાવેલ છે. ૧. જમણા પગના બીજી અને ત્રીજી આંગળીમા ફ્રેકચર હતુ. ૨. જમણા પગના બીજી અને ત્રીજી આંગળીનુ હાડકુ ફરી ગયુ હતુ તેમજ જમણા પગના અંગુઠાનુ હાડકુ પણ ફરી ગયુ હતુ. ૩. જમણા પગની પર ૬*૧*૧ સેમી. માપની કપાયેલો છુંદાયેલો ભાગ હતો. ૪. જમણા પગની બહારની ૬*૧*૧ સેમી. માપની કપાયેલો છુંદાયેલો ભાગ હતો. ૫. જમણા પગના નીચે ના ભાગમા ૩*૧*૧ સેમી. માપની કપાયેલો છુંદાયેલો ભાગ હતો. આ દર્દીને ઉપરની ૧ થી ૩ ઈજા ગંભીર પ્રકારની હતી અને આ ઈજા ૩ થી ૪ અથવાડીચામા સારી થઈ શકે તેવી હતી. આ દર્દી ને અમારી હોસ્પીટલમા તા.૨૩-૬-૧૮ દાખલ કરેલા અને તા. ૦૨-૦૭-૧૮ ના રોજ રજા આપવામા આવેલી. દર્દી ને તપાસચા બાદ તા.૨૩-૦૬-૧૮ ના રોજ સારવાર સર્ટી. આપેલી જે મારા હસ્તાક્ષરમા છે તેમા મારી સહી છે જે હુ ઓળખુ છુ. જેને રજુ દાખલ આંક:૧૯ આપવામા આવે છે.'' <u>સાહેદ તેમની બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે,</u> ''**એ વાત ખરી છે કે બન્ને દર્દીએ કયા વહાનથી અક્સમાત થયેલ તે જણાવેલ નથી**. એ વાત ખરી છે કે દર્દી હિતેશભાઈને પત્થર વાળી જમીન સાથે

અથડાવાથી આવી ઈજા થઈ શકે. મારી પાસે ૨ દર્દી સિવાય બીજુ કોય આવેલ નહી. એ વાત ખરી નથી કે દર્દીઓ ને સામન્ય ઈજા હોવા છતા મે દર્દીને ખોટુ સર્ટી. આપેલ.''

૭.૮ ફરીયાદ પક્ષે ત.ક.અ. ઇશ્વરભાઇ બાદરભાઇ લબાનાને આંક:૩૦ થી તપાસવામાં આવેલ છે, તેઓ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, ''ગઈ તા. ૧/૭/૨૦૧૮ ના રોજ હુ એ.એસ.આઈ. તરીકે ગરબાડા પો.સ્ટે.માં ફરજ બજાવતો હતો તે દરમ્યાન આ કામના ફરીયાદી કનુભાઈ ભાવસીંગભાઈ મોહનીયાનાઓએ ગરબાડા પો.સ્ટે. ના ફર્સ્ટ ગુના રજી નંબર ૪૯/૨૦૧૮, ઈપીકો કલમ ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમવીએકટની કમલ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબની ફરીયાદ ગરબાડા પો.સ્ટે. માં આપતા પીએસઓ ગોકળભાઈ સવાભાઈ નાઓએ સદર ફરીયાદ ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લઈ સદર કામનો ગુનો રજી. કરી આગળની તપાસ અમારી તરફ મોકલી આપેલી. અમોએ તપાસ સંભાળી લીધેલ. તપાસના કામે અમો ડેપ્યુટ હુકમ આજરોજ મારી સાથે લાવેલ છું જેને રજુ દાખલ આંક:૩૧ આપવામાં આવે છે. તપાસના કામે અમોએ તા.૨/૭/૧૮ ના કલાક ૭/૦૦ થી ૭/૩૦ દરમ્યાન ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ પંચો રુબરુ કરેલ. જેમાં પંચો તથા મારી સહી છે. જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક:૩૨ આપવામાં આવે છે. તપાસના કામે અમોએ તા. ૧૩/૭/૧૮ ના કલાકના ૧૬/૩૦ થી ૧૭/૦૦ દરમ્યાન પંચો રુબરુ આરોપીની શરીર સ્થીતીનું પંચનામું પંચો રુબરુ કરેલ. જેમાં પંચો તથા મારી સહી છે જે હું ઓળખું છું જેને રજુ દાખલ આંક:૩૩ આપવામાં આવે છે. તપાસના કામે અમોએ લાગતા વળગતા સાહેદોના નીવેદન લીધેલા. તેમજ આરોપીનું નીવેદન લીધેલ. તપાસના કામે અમોએ ઈજા પામનાર કનુભાઈ ભાવસીંગ મોહનીયાનાઓનું મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ જ આ કામે આંક:૧૬ થી રજુ છે. તપાસના કામે ઈજા પામનાર વીનય પારસીંગ પરમારનાઓનું મેડીકલ સર્ટીફીકેટ મેળવેલ તથા ઈજા પામનાર હીતેશ નાગુ પરમાર નાઓનું મેડીકલ સર્ટીડીકેટ મેળવેલ જે

હાલના કામે આંક:૧૮ અને ૧૯ થી રજુ છે. તપાસના કામે અમોએ આરોપી અભયસિંહ રામસીંહ ભુરીયાનાઓને તા.૧૩/૭/૧૮ ના કલાકના ૧૭/૦૦ વાગે અટક કરી જામીન પર મુકત કરેલ. તપાસના કામે અમોએ અકસ્માત માં સંડોવાયેલ વાહનની આર.સી. બુક તથા વીમા પોલીસી તથા આરોપીનું ડ્રાઈવીંગ લાઈસન્સ મેળવેલ. આ ઉપરાંત તપાસના કામે અમોએ ચાર્જશીટ કરવા જેટલો પુરાવો જણાઈ આવતા ચાર્જશીટ કરેલ. આરોપીને જોયેથી ઓળખું છું.'' <u>ત.ક.અ. તેમની બચાવ પક્ષની ઉલટ તપાસમાં સ્વીકાર કરે છે કે,</u> ''એ વાત ખરી છે કે ગરબાડામાં નોકરી કરતો હોઈ આજુબાજુના વિસ્તારથી માહીતગાર હતો. **બનાવ વાળો વીસ્તાર અવર જવર વાળો અને વળાંક વાળો છે. એ વાત ખરી છે કે બંને મોટર સાઈકલ સામસામે અથડાયેલી**. એ વાત ખરી છે કે એક મો.સા. ચાલક પર ગુનો દાખલ કરેલ. સાહેદ જણાવે છે કે જેની ભુલ હતી તેના પર ગુનો દાખલ કરેલ. એ વાત ખરી નથી કે આરોપી ગાડી ચલાવતો જ ન હતો. એ વાત ખરી નથી કે સાહેદોના નીવેદનો લખાવ્યા મુજબ નથી. એ વાત ખરી નથી કે તૈયાર પંચનામામાં પાછળથી પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદ એક અઠવાડીયું લેટ દાખલ થયેલ છે.''

(૮) આ કામે વર્તમાન આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે, તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, આ કામે આરોપી સામે જયારે ભારતીય દંડ સંહીતાની કલમ ૨૭૯ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે કલમ ૨૭૯ મુજબનો ગુનો કરેલ છે કે કેમ તે સમજવા માટે તેની સંલગ્ન વ્યાખ્યાઓ ધ્યાને રાખવી અતી

આવશ્યક અને જરૂરી બને છે.

**<u>ઈ. પી. કો. કલમ–૨૭૯</u>**

**Rash driving or riding on a public way.** Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

ઉપરોકત કલમ મુજબનો ગુન્હો પુરવાર થવા માટે નીચે મુજબની હકિકતો પુરવાર થવી જોઇએ.

1) The accused was driving a vehicle or was riding.

2) He was driving or riding on a public High Way.

3) He was driving or riding rashly or negligently.

4) The riding or driving endangered human life or was such as to be likely to cause hurt or injury.

(૯) ફરીયાદ પક્ષે રજુ ઉપરોક્ત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો સદર કામે ફરીયાદ પક્ષે ફરીયાદી તથા સાહેદો અકસ્માતનો બનાવ બન્યાની હકિકત જણાવેલ છે, પરંતુ ફરીયાદી તથા ઈજાપાનાર સાહેદો ખુદ ફરીયાદની હકિકતને સ્પષ્ટ સમર્થન કરતા નથી. આ કામે ફરીયાદી તથા સાહેદો અકસ્માત કરનાર ગાડીના ચાલક કે તે ગાડીનો નંબર શું હતો તે બાબતે કશું જ જણાવવતા નથી. વધુમાં આ બનાવ વણાંક પર બનેલ છે અને સામસામે બંને વાહનો અથડાયેલ છે, જેથી તે કોના કસુરથી થયેલો તે પણ તેઓને ખબર નથી. વધુમાં આ કામની ફરીયાદ પણ મોડી આપવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષના કેસમાં શંકાઓ ઉભી થાય છે. વધુમાં વાહન અકસ્માતનાં કિસ્સામાં આરોપીની ગફલતભરી રીત અને બેદરકારી તેમજ આરોપીની ઓળખ નિ:શંકપણે પુરવાર કરવાની હોય છે, હાલના કિસ્સામાં આરોપીની ગફલતભરી રીત અને બેદરકારીથી અકસ્માત થયેલાનું રેકર્ડ ઉપર આવતું નથી. ચોક્કસ બનાવ કેવી

રીતે બનેલ છે તે સ્પષ્ટ રીતે રેકર્ડ ઉપર આવતુ નથી અને તે બાબતમાં ડિસ્ક્રિપેન્સી રહેલ છે અને જેના કારણે ફરીયાદ પક્ષનાં પુરાવામાં વિશ્વસનીયતા ઉત્પન્ન થતી નથી અને બનાવ બન્યાની બાબતની હકિકત શંકાજનક બનેલ છે. જેથી આવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન હરાવી શકાય નહીં. **૧૯૯૭(૧) જી.સી.ડી. પેજ નં.૮, ગુજરાત, રાયસીંગ લાલસીંગ દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે કરાવેલ છે કે, ફરીયાદ પક્ષના કેસમાં મહત્વનો વિરોધાભાષ રહેલ હોય અને ફરીયાદી સાહેદો જણાવતા હોય તેવો બનાવ ડાઉટફુલ જણાતો હોય તો તેવા સંજોગોમાં આરોપીને બેનીફીટ ઓફ ડાઉટ મળે, સદર ચૂકાદામાં પણ જણાવેલ છે કે, સાહેદોની જુબાનીમાં જ્યારે મહત્વનો વિરોધાભાષ રહેલ હોય ત્યારે તેવા પુરાવા ઉપર આધાર રાખી આરોપીને સજા કરી શકાય નહીં, ફરીયાદ પક્ષની એ જવાબદારી છે કે, સચોટ, સાચો અને વિશ્વસનીય પુરાવો રજુ કરવો જોઈએ. ફોજદારી જયુરીસ્પુન્ડન્સનો પાયાનો સિધ્ધાંત ધ્યાનમાં લેવામાં આવે તો કરીયાદ પક્ષે પોતાની કેસ નિ:શંકપણે સાબિત કરવો જોઈએ અને તે પણ સચોટ અને વિશ્વસનીય પુરાવાથી અને ફરીયાદ પક્ષના પુરાવામાં થોડી પણ વિશ્વસનીયતા ઘટે કે તેમાં શંકાને સ્થાન રહેલ હોય તો તેનો લાભઅવશ્યપણે આરોપીને આપી શકાય. રજુ પુરાવા ક્યાને લેતા આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૧૦) ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ આરોપીઓ વિરૂધ્ધ નિ:શંકપણે કેસ પુરવાર કરવાનો બોજો ફરીયાદ પક્ષ ઉપર મુકવામાં આવેલ છે. પરંતુ સદર કેસમાં ફરીયાદ પક્ષ મુકેલા આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જ્યારે ફરીયાદ પક્ષે તપાસેલા સાહેદોની જુબાની અને ફરીયાદ વચ્ચે સુસંગતતા ન હોય ત્યારે મુકેલા આક્ષેપો મુજબના ગુનાઓ આરોપીઓએ કર્યા અંગે શંકા ઉત્પન્ન કરે છે. આરોપીઓએ ગનો કર્યા એની થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો લાભ આરોપીને મળવા પાત્ર છે. ક્રિમીનલ જસ્ટીસનો

મૂળભુત સિધ્ધાંત છે કે, ભલે સો આરોપીઓ છુટી જાય, પરંતુ એક નિર્દોષને સજા થવી જ ન જોઈએ. ક્રિમીનલ જયુરીસ્પુડન્સના પ્રસ્થાપિત સિધ્ધાંતો અને ભારતીય સાક્ષ્ય અધિનીયમની જોગવાઈઓ ધ્યાને લેતા, જો રજુ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો તે આરોપીને તકસીરવાન ઠરાવવા પુરતા નથી. આમ, ફરીયાદ પક્ષે રજુ કરેલ આરોપી વિરૂધ્ધનાં પુરાવાઓ પુરવાર થતા ન હોવાથી, આરોપી વિરૂધ્ધ અપુરતો પુરાવો મળી આવતા સદર આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર છે અને જો આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી હોવાનું જણાય આવે છે. જેથી તા.૨૩/૬/૧૮ ના રોજ કલાક ૧૫:૩૦ વાગ્યે મોજે પાંચવાડા સરકારી દવાખાના સામે ગરબાડા દાહોદ રોડ ઉપર આ કામના આરોપીએ પોતાના કબજાની મોટર સાઇકલ નંબર જી.જે. ૨૦. એ.જી. ૧૫૧૬ ની પુરઝડપે અને ગફલતભરીરીતે હંકારી લાવી મોટર સાઇકલ નંબર જી.જે. ૨૦. પી. ૨૧૪૨ ની સાથે અથડાવી એકસીડન્ટ કરી ફરીયાદી તથા પાછળ બેઠેલ સાહેદ દેવાભાઇ કાળુભાઇ ચૌહાણને રોડ ઉપર પાડી દઈ ફરીયાદીને જમણા પગની આંગળીઓના ભાગે ફેકચર કરી તથા જમણા હાથની કોણીના ભાગે ઈજા કરી તથા પાછળ બેઠેલ સાહેદ દેવાભાઈને જમણા પગના ભાગે ફેકચર કરી તથા આરોપીની મોટર સાઇકલ ઉપર પાછળ બેઠેલ સાહેદ વિનયકુમાર તથા હિતેશકુમારને જમણા પગે ફેકચર કરી નાસી જઇ ઈ. પી. કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ. વી. એકટની કલમ-૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબનો ગુનો કરેલ હોવાનું ફરીયાદ પણ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, આવા સંજોગોમાં મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં કરાવી, મુદા નં.ર નો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ ::-**

(૧) આ કેસના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ-૨૪૮(૧) અન્વયે તેઓની સામેના ભારતીય દંડ સહીતાની કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮

તથા એમ. વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબના ગુના સબબ નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

(૨) અપીલ સમય વીત્યે આરોપીના જામીનખત રદ્દ ગણવા તેમજ આરોપીએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) મુજબ રૂ.૧૦,૦૦૦/– ના જામીન રજુ કરવાના રહેશે.

આજ તારીખ–૦૬ ઠ્ઠિ, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૦૬/૦૮/૨૦૨૬
સ્થળ : ગરબાડા,

(રોહીત હરમાનભાઈ સોલંકી)
જયુડી, મેઝી, ફ. ક., ગરબાડા.
UIC-GJ01633

બી.કે.ત્રિપાઠી, ગુજ. સ્ટે. ગ્રેડ–**III**.